શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક :૪ ● અંક : ૫૭ ● તા. ૧૩ જુલાઈ થી ૧૯ જુલાઈ ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# મોન્સુન સાયકલીંગ ઈવેન્ટને મળી ભવ્ય સફળતા






ઈશ્વરની ઈચ્છા સિવાય
જેમ પાંદડું પણ હાલતું નથી,
તેમ ભાગ્ય દેવીની કૃપા વિના
કોઈને પણ કશું સુખ, સમૃદ્ધિ,
શાંતિ કે પદ-પ્રતિષ્ઠા મળતાં નથી

- અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# આત્મશક્તિ વધારવા શ્રધ્ધા અને વિશ્વાસ જરૂરી

દુ:ખ અને કષ્ટના કપરા કાળમાં હૈયામાં ધીરજ અને ક્ષમતા પણું હશે તો આ કપરી પળો સહવાલાયક બની જાય છે. આ કાળ, સમય કપરો છે. માણસ ડરી, ડરીને જીવે છે. અનેક ભય, ચિંતાઓથી ગ્રસ્ત રહી પોતાનું જીવન વ્યતિત કરે છે. માણસ ડરમાં જીવે છે. અનેક પ્રકારના ભય તેને સતાવી રહ્યાં છે. આજીવિકાનો ડર, સલામતીનો ડર, ભવિષ્યમાં કપરો કાળ આવશે એનો ડર અને સૌથી મોટો ડર મૃત્યુનો.

હ્રદયમાં આત્મશક્તિ, શ્રધ્ધાબળ ન હોય અને વિશેષ તો પોતાના પર વિશ્વાસ ન હોય તો નીચેથી જમીન હટી જાય એવું થાય છે, અનુભવાય છે. દુ:ખમાં મુસીબતમાં માણસ ઈશ્વરનું સ્મરણ કરે છે. સતત પ્રભુમય રહે છે પણ સુખ આવે, તેનો સારો સમય આવે કે પાછળનું બધું ભૂલી જાય છે અને પોતાની મસ્તીમાં મય બની જાય છે. સુખ આવ્યું તે પોતાના કર્મથી, પોતાના આત્મબળથી આવ્યું એવું સમજી દુ:ખએ બીજાઓને લીધે આવ્યું પોતે વગર વાંતે એનો ભોગ બન્યો છે એવું દર્શાવે એવી માન્યતા ધરાવે છે. પોતાની ભૂલ દેખાતી નથી. પરંતુ બીજાના રાઈ જેવડા દોષો પર્વત જેવા દેખાય છે.

ત્રાજવાનું પલડું હળવું હોય છે ત્યારે ઉપર જાય છે અને ભાર થવા લાગે ત્યારે નીચે જાય છે. જેનામાં કાંઈ હતું નથી તેઓ અધ્ધર ચાલતા હોય છે. પણ જેની પાસે ખરેખર કાંઈ હોય તે નમ્ર બનીને ઝૂકી જાય છે. વૃક્ષો ફળોથી લદાઈ જાય છે ત્યારે નીચે નમે છે. જે નીચે નમતા નથી તેઓ પોતાના ભારથી, અભિમાનથી તૂટી જાય છે. જિંદગીમાં કશું તોળવાનું અને માપવાનું હોતું નથી. સરખામણી કરવાથી માત્ર દુ:ખ સિવાય કશું પ્રાપ્ત થતું નથી. દુ:ખમાં આત્મશક્તિ હોય તો દુ:ખએ આઘાત આપતો નથી, પણ એક કપરી ઘટના બની વિતી જાયછે. માટે આત્મશક્તિ સૌએ કેળવી જરૂરી છે. ધીરતા અને ક્ષમતા ધારણ કરવાથી શાંતિ અને સહન શીલતા ભર્યા ભાવ કેળવવાથી કોઈપણ ઘડીનો ભય, ડર કે અસલામતી ભયભીત કરતી નથી. કુદરતના સર્જન એના સૂર્ય, ચંદ્ર, તારા, વૃક્ષો, પહાડો, પશુ-પક્ષીઓ કોઈ એકબીજા સાથે સરખામણી કરતા નથી એટલે એ સુખી છે. માત્ર માનવી જ સરખામણી કરવાની આદતને કારણે દુ:ખી દુ:ખી છે.

પ્રભુ પ્રત્યેની આપણી શ્રદ્ધા અને ભક્તિ શરતી હોવાને લીધે મંદિરોમાં ભીડ વધતી રહે છે. પરમાત્મા સમક્ષ બે હાથ જોડીને ઊભેલો માનવી આજ સુધી મળ્યું છે. એનો આભાર માનવા નથી જતો પણ હજુ વધુ મળે એ જ માંગવા જાય છે. જીવનમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા, તે જે કરશે એ સારા માટે કરશે એવો વિશ્વાસ હશે તો કશાથી ડર લાગવાનો નથી. આત્મશક્તિના બળે ડર દૂર થઈ જાય છે. પ્રભુ પ્રીત વગરનો ખોખલો ખોબિયો બહારથી બહાદૂર હિંમતવાન હોવાનો ભલે દેખાવ કરે પણ અંદરથી ભયભીત હોય છે. ડરેલો વ્યક્તિ દુ:ખ દર્દની સામે જઈ શકતો નથી એ માટે સુખ આવે એની રાહ જુએ છે. આત્મશક્તિ ધરાવતો વ્યક્તિ સૌ સંકટ કષ્ટ સામે પડકાર કરવા અગ્ર હોય છે.

- જય જ્ઞાતિમૈયા

# મોન્સુન સાયકલીંગ ઈવેન્ટને મળી ભવ્ય સફળતા




હૈદ્રાબાદ



રાયપુર

કેડીઓ સમસ્ત મહાજનની યુવા ટીમના ઉપક્રમે દેશના વિવિધ શહેરોમાં વરસાદી માહોલમાં પ્રકૃતિને માણવા, પર્યાવરણને બચાવવાનો સંદેશ આપતી અને તંદુરસ્તી જાળવવાની શીખ આપવા મુંબઈમાં તા.૬ જુલાઈ શનિવારની રાત્રે સમયે જ્યારે તા.૭ જુલાઈ ૨૦૧૯ રવિવારના ચાલીસગાંવ, રાયપુર, ચેન્નાઈ, ગદગ, હૈદ્રાબાદ વિગેરે નગરમાં સવાર સમયે મોન્સુન સાયકલીંગ ઈવેન્ટનું આયોજન ભવ્યતાથી સંપન્ન થયું. આ નવતર આયોજનને યુવાઓ દ્વારા ભવ્ય પ્રતિસાદ મળ્યો હતો.

ચેન્નાઈમાં ગાંધી બીચથી થયેલ આ ઈવેન્ટ પ્રારંભ પ્રસંગે સમસ્ત મહાજનના ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ મોમાયા, પ્રતિક મોતા, WAPSના તંત્રી તિલકચંદ કુવંરજી લોડાયા સહિત જ્ઞાતિના ઈતર મહાનુભાવોએ ઉપસ્થિત રહી યુવાનોના જોશ અને ઉત્સાહને પ્રોત્સાહન પૂરો પાડ્યો હતો.



ગદગ



ચેન્નાઈ



ચાલીસગાંવ



રાયપુર



રાયપુર

# કેડીઓ ટોક્સનો બીજો એપિસોડ રીલિઝ થયો

શ્રી સમસ્ત મહાજન કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન મિડીયા કમિટી દ્વારા ગત અઠવાડિયે ડિજીટલ માધ્યમમાં જ્ઞાતિના વિશિષ્ટ મહાનુભાવ સાથે ચર્ચા-વિચાર અને તેમની સફળ જીવન વિશેની સફર યાદોનો સિલસિલો પ્રકાશમાં લાવતો ઉત્તમ પ્રયાસ કેડીઓ ટૉક્સ રજૂ થયો. જેમાં સફળ વ્યવસાયિક અને અન્ન આહારનો આનંદના ધ્યેય સાથે સફળતાને વરેલ જ્ઞાતિશ્રેષ્ઠી શ્રી મણિકાંતભાઈ ધુલ્લા સાથેનો વિસ્તૃત વાર્તાલાપ-ચર્ચા મુલાકાતનો પ્રથમ એપિસોડ રજૂ થયો જેને ઘણો આવકાર મળ્યો.







આ શ્રૃંખલામાં કેડીઓ ટૉક્સ નો બીજો એપિસોડ એન્કર અને પ્રેઝેન્ટર ઉજ્જ્વલા છેડા શિક્ષણવિદ અને અનેક વિદ્યાર્થી ઓને માટે ઉત્તમ માગદર્શક, ગુરૂ તરીકે માન સન્માન મેળવેલ એવા પ્રિન્સિપાલ કુસુમબેન હરીશ ધરમશીની જીવન યાત્રાના પ્રેરક પાના આપણી સમક્ષ ખુલ્લા કર્યા છે. આત્મીય વાર્તાલાપ દ્વારા કુસુમબેન ધરમશીએ પોતાની સ્મરણયાત્રાના સોનેરી પુષ્ઠોનું સ્મરણ કર્યું છે.

જ્ઞાતિજનોને જાણ હોય અને એમને ધ્યાન હોય એવા કલા, કૌશલ્ય, સ્પોર્ટ, એડવેન્ચર, સમાજજીવનમાં સિધ્ધતા મેળવેલ વ્યક્તિનું નામ સજેસ્ટ કરે જેથી તેઓને કેડીઓ ટોક્સમાં સમાવેશ કરી શકાય. વધુ વિગત માટે જયંત છેડા-૯૩૨૨૨૫૭૭૩૧ અથવા મનિષા લાલકા-૯૬૨૦૫૪૫૭૩૪ નો સંપર્ક સાધવો.

# વડોદરા કચ્છી અચલગચ્છ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશ થયો

તા.૩ જુલાઈ બુધવારનાં અષાઢ માસના પ્રથમ દિવસે કચ્છી અચલ-ગચ્છ જૈન સંઘ વડોદરામાં પ.પૂ.સાધ્વીશ્રી ભદ્રગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી દર્શન ગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી પાશ્વાગુણાશ્રીજી મ.સા.નું વાજતે ગાજતે ચાતુર્માસ પ્રવેશ થયો. સંઘના બહુ સંખ્ય શ્રાવક શ્રાવિકાઓની ભવ્ય હાજરીએ સામૈયું કર્યું હતું. સંઘની બહેનોએ સુશોભિત કળશ-બેડા અને શ્રીફળ શીરે રાખી સાધ્વીશ્રી મ.સા.નું પરિક્રમા કરી ભાવપૂર્વક તેમના આગમનને વધાવ્યા હતા. પવિત્ર પર્યુષણ પર્વ અને ચાતુર્માસના પાવન દિવસો ધર્મ અને ધ્યાનના પુણ્ય લાભથી સભર વિતશે એનો સૌને હૈયે અઢળક ખુશી હતી.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી સુથરી જૈન સંઘ સ્નેહ મિલન - ૨૧ એપ્રિલ ૨૦૧૯




















# શ્રી સુથરી જૈન સંઘ સ્નેહ મિલન –૨૧ એપ્રિલ ૨૦૧૯




















# શ્રી સુથરી જૈન સંઘ સ્નેહ મિલન –૨૧ અપ્રિલ ૨૦૧૯



# શ્રી સુથરી જૈન સંઘ ધ્વજા મહોત્સવ- ૧૧ મે ૨૦૧૯




















# શ્રી સુથરી મહાતીર્થ ધ્વજા-ઉત્સવ

શ્રી સુથરી મહાતીર્થમાં ઘૃતકલ્લોલ પાર્શ્વનાથદાદાના દરબાર ૧૮૦મી ધ્વજાનો ઉત્સવ ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે ઉજવાયો. ધ્વજા પ્રસંગે પરમ પૂજ્ય મુનિરાજ શ્રી મુક્તિરત્ના સાગરજી મહારાજ સાહેબ તથા પરમ પૂજ્ય સાધ્વીશ્રી મહાયશાશ્રીજીની નિશ્રા હતી. ૧૮૦મી ધ્વજાનો પ્રસંગ નવા ઈતિહાસ સાથે યોજાયો. આ વખતે સુથરી ગામની નિયાણી બહેનો સારી સંખ્યા સાથે અનન્ય ઉત્સાહ સાથે સહભાગી થઈ.

## પ્રથમ દિવસ તા. ૯-૫-૨૦૧૯, ગુરૂવાર : પંચ કલ્યાણક પૂજા

પૂજા ભણાવવા કચ્છ માંડવીથી મહીલા મંડળ પધારેલ. આ આખા દિવસની સાધર્મિક ભક્તિનો લાભ તથા પ્રભુજીની અંગરચના અને જીવદયાનો લાભ શ્રી સુથરીની નિયાણી બહેનોએ લીધેલ.

## બીજો દિવસ તા. ૧૦-૫-૨૦૧૯, શુક્રવાર : અઢાર અભિષેક

અઢાર અભિષેક વખતે વિધિકાર પ્રવીણ સાવલા તથા સંગીતકાર કિશોર સંગાર અને કમલેશ ગોસ્વામીની જોડીએ સંઘને રસ-તરબોળ કર્યા. રાતના દાંડીયા રાસનું આયોજન થયેલ. સાધર્મિક ભક્તિના લાભાર્થી સવારના નવકારશી માતુશ્રી ઝવેરબાઈ શામજી ખીંયશી દંડ પરિવાર, બપોરનું જમણ સંઘ સ્વરૂપે તિર્થયાત્રાએ આવેલ અમદાવાદના બાઠિયા પરિવારના ૧૬૦ જણાએ સાધર્મિક ભક્તિ સંઘ જમણનો લાભ લીધો. સાંજનું જમણ માતુશ્રી ધનબાઈ લખમશી ખીંયશી ધરમશી પરિવારે લાભ લીધેલ.

## ત્રીજો દિવસ તા. ૧૧-૫-૨૦૧૯, શનિવાર : સત્તરભેદી પૂજા તથા ધ્વજા આરોહણ

સત્તરભેદી પૂજા તથા ધ્વજા આરોહણ વિધિકાર પ્રવીણ સાવલાએ સંગીતકાર સાથે ભણાવી. આ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી.

સવારના : માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર
(ભાઈશ્રી હિરાચંદના ૯૩ વર્ષીતપના પારણા અને ભાઈશ્રી વિનોદની પુણ્યતિથીની સ્મૃતિરૂપે)
બપોરનું જમણ : શ્રી પોપટલાલ સાકરચંદ શાહ પરિવાર (મદ્રાસવાળા)
સાંજનું જમણ : માતુશ્રી સોનબાઈ કુંવરજી ખીમજી દંડ પરિવારે લાભ લીધેલ.

આ ધ્વજા ઉત્સવ વખતે અઢાર-અભિષેકના નકરામાં રૂા. ૭૫,૦૦૫/- રોકડામાં ઘૃત-ઉછામણીમાં થયેલ જ્યારે ઘીનો બોલી રૂપે ૫૭,૧૨૭ મણ ઘીની બોલી થઈ. કુમારપાળ રાજાની આરતીનો લાભ રૂા. ૪૧,૦૦૧/- માં કારાણી પરિવારે લીધો. દરેક પ્રસંગે પ્રમુખ બોલીના લાભાર્થી શેઠ પોપટલાલ સાકરચંદ શાહ(મદ્રાસ) પરિવાર, શ્રી કારાણી પરિવાર, શ્રી સોમચંદ વિશનજી મોમાયા પરિવાર, શ્રી દેવેન શાંતિલાલ ધરમશી પરિવાર અને અન્ય સુથરીવાસી પરિવારે ખૂબ ઉત્સાહથી લાભ લીધેલ. ધ્વજા પ્રસંગે મુંબઈથી કે દેશભરમાંથી આવેલ પરિવારને રેલ્વે-ટિકિટની રકમના દાતા માતુશ્રી લક્ષ્મીબાઈ શાંતિલાલ ધરમશી પરિવાર લીધેલ.

ઉક્ત પ્રસંગે કુલ ૩૫૦ જણાની હાજરી પ્રસંગનો ઉત્સાહમાં આવેલ ઉછાળો દર્શાવે છે. જેમાં નિયાણી બહેનોની સંખ્યા પણ સારી હતી. તે ઉપરાંત કોઠારા-સાંયરા-તેરા-વારાપધરથી પણ મહાનુભાવોએ હાજરી આપેલ.

સુથરીવાસી ભાઈઓ અને નિયાણી બહેનો મુંબઈ તથા દેશાવરમાં વસતા પરિવારો હજી વધુ લાભ લે એવી આશા સેવીએ છીએ.

તા. ૧૨-૫-૨૦૧૯ રવિવાર : શ્રી ભલારા દાદા મુળ સ્થાનકે ત્રીજો ધ્વજા-ઉત્સવ તથા પહેડી પ્રસાદનો હતો. તે દિવસની સાધર્મિક ભક્તિ બપોરની શ્રી ભલારા દાદા મુળ સ્થાનક ટ્રસ્ટે લીધેલ.

# શ્રી સુથરી મહાતીર્થ
## સ્નેહ મિલન સમારોહ અહેવાલ

સમી સાંજે સુરજ ઢળ્યો અને તારલીયા ટમટમે ૨૧ એપ્રીલ ૨૦૧૯નો દિવસ અને રવિવાર જેની યાદ તાજી કરવાનો આ અવસરીયો. જેમ સાગરમાં વાવાઝોડું આવ્યું હોય અને ઉંચા ઉઠતા મોજાથી આસપાસમાં પાણી ભરાઇ જાય એવો અનોખો પ્રસંગ સુથરીના ભાઇઓ અને બહેનો-દિકરીઓએ એશીયન બેન્કવેટ હોલ ભાંડુપ ખાતે તાદશ્ય કર્યો. હૈયે હૈયા ભટકાય અને હુંભથી મલેજો થીએ ત વાતાવરણજો રંગ પણ નિરાલો હોય. બરાબર ૫:૩૦ વાગ્યાથી સુથરીવાસી ભાઇઓ અને બેનોનો પ્રવાહ શરૂ થયો. શરૂઆતે ધીમી ધારે અને પછી જોરદાર પ્રવાહથી ૬:૩૦ વાગ્યે હોલ લગભગ ભરાઇ ગયો.

કાર્યક્રમની શુભ શરૂઆત દિપ પ્રગટાવી કરવામાં આવી. શ્રી સુથરી જૈન સંઘ દ્વારા પ્રાસંગિક આવકાર આપવામાં આવ્યો. કાર્યકર ભાઇઓ અને સ્વયંસેવકો દ્વારા કરાયેલા આયોજન પ્રમાણે શુભ શરૂઆત થઇ. સુથરી ગામની અસ્મિતાઓના દર્શન કરાવવામાં આવ્યા.

ઉત્તમ છેડાએ સંચાલનના સુત્રો સંભાળ્યા અને અવનવા પ્રયોગથી સ્નેહ-મિલનમાં પધારેલ સુથરીવાસીઓને એવા રસતરબોળ કર્યા કે કોઇ ખુરશી છોડી ઉઠવા તૈયાર ન હતાં.

સુથરીના વરિષ્ઠ નાગરીકો જે સ્નેહ મિલનમાં હાજર રહેલા તેમનું સન્માન કરવામાં આવેલ.

ભાવતા ભોજનીયા હોય, મનગમતા કાર્યક્રમ હોય અને નિરવ બારોટ જેવા કલાકાર હોય તો કોણ મુકે. મુંબઇના વરસાદની જેમ ધીમી ધારે શરૂ થયેલ પ્રવાહ અને વચ્ચે જોરદાર ઝાપટું આવે પછી શાંત રીતે વરસાદ વરસે એ રીતે મુંબઇગરા સુથરીવાસીઓનો પ્રવાહ ૮:૩૦ વાગ્યા સુધી મોંડે મોંડે પણ સ્નેહમિલનના પ્રસંગ પર હાજર થયેલ ૮૦૦ જણની કેપેસીટીવાળો હોલ ટૂંકો પડ્યો. કેટલાય જણ ઉભા ઉભા આનંદમાં સહભાગી થયા.

રાત્રે ૯:૦૦ કલાકે નિરવ બારોટે સ્ટેજ પરથી પોતાની આગવી છટાથી પ્રસંગમાં રંગ ઓપ્યો. દાંડીયા રાસ અને ગરબાથી શુભ શરૂઆત થઇ જે દોઢ કલાકના કાર્યક્રમથી રમઝટ થઇ.

આ સ્નેહમિલન સમારોહના દાતા - ધરમશી સિક્યુરીટી, અરિહંત કાર્સ, નરશી કોટન, જોય ગ્રુપ નો સુથરી જૈન સંઘ આભાર વ્યક્ત કરે છે.

# પ.પૂ.ગુરૂદેવશ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો મુલુંડ સંઘમાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો





શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના ઝવેર રોડ સ્થિત શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયમાં ગુરૂગુણ કૃપાપાત્ર કચ્છ કોહિનૂર શ્રી ગૌતમ ગુણ વિહાર, પાલીતીર્થ પ્રેરક પ.પૂ.ગુરૂદેવશ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો ભવ્યાતિભવ્ય રીતે તા. ૪ જુલાઈ, ગુરૂવાર સવારે ૮.૧૫ કલાકે નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડૉ.આર.પી.રોડ સ્થળે કરાયું. બાદમાં વાજતે ગાજતે જિનાલયમાં પ્રવેશ કરાયો. આઠ વર્ષ બાદ જિનવાણીના જાદુગર જન આસ્થાના કેન્દ્ર પ.પૂ.ગુરૂદેવશ્રી મુલુંડ સંઘમાં પધરામણી કરી સંઘને ધન્ય ભાગ્ય કરી. સકળ સંઘના સૌના હૃદયમાં અહોભાગ્ય અમારા જ્ઞાનીગુરૂદેવ અમ આંગણ પધાર્યાની ભાવના નિરંતર વહી રહી છે.

પુરૂષાર્થ મૂર્તિ પૂ.ગુરૂદેવ આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની જેમ થોડા સમયમાં જ મુંબઈના નાના મોટા સંઘોમાં વિચરી જ્ઞાન ગંગા વહાવનાર, હજારોના હૈયામાં વ્રત, નિયમ, જાપ, સદબોધ, સુસંસ્કાર પાથરનારા જિનવાણી જાદુગર પૂજ્ય ગુરૂદેવશ્રીના ચાતુર્માસ પ્રસંગે મંગલાપુરી મુલુંડના સર્વે શ્રાવક શ્રાવિકાઓનો માનવ મહેરામણ ઉમટ્યો ગુરૂ વંદના સાથે ભક્તિ કરી એમનો સહર્ષ આભાર.

ચાતુર્માસ દરમ્યાન સકળ સંઘોને, સર્વે ગુરૂભક્તોને, ગુરૂવંદન-વાણીનો લાભ લેવા અદકેરા ઉમંગે પધારવા આત્મીય આમંત્રણ છે. સુણી ગુરૂમુખ જિનવાણી કરો સુકૃત કમાણી. ચાતુર્માસના મુખ્ય દાતા સંઘ માતા શ્રીમતી નવલબેન ભાણજી માણેક પાસડ પરિવાર છે. તેઓએ ચરિત્ર વહોરાવવાનો તથા પાંચ જ્ઞાનપૂજાનો ચડાવાનો લાભ લીધો છે.

ગુરૂપૂજન-કામળી-સૂત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી ખીમઈબાઈ મુરજી ગાલા મંગલ બાપા પરિવારએ લીધો છે. પૂજ્ય ગુરૂદેવશ્રીના દર્શન વંદનનો સમય સવારના ૧૦.૩૦ થી ૧૨.૩૦ બપોરના ૪.૧૫ થી ૬.૧૫.



# કોઠારા તીર્થમાં મ.સા.ના ચાતુર્માસ પ્રવેશ ભવ્યતાથી થયો





અબડાસા મોટી પંચતીર્થીના કોઠારા તીર્થે તા.૧૦ જુલાઈ બુધવાર રોજે પ.પૂ.સા.શ્રી કિરણકલાશ્રીજી મ.સા. ચાતુર્માસ પ્રવેશ કરતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા ઢોલ-શરણાઈ, શણગારેલા બેડા તથા ગહુંલીઓ સાથે ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ. કોઠારા ગામના શીતલાવાળા નાકા પાસેથી સ્વાગત યાત્રાનો પ્રારંભ થયો હતો. જેમાં હેમંત અજાણી, વીરચંદ ધરમશી, હરીશ મુનવર, ધનપતિ લોડાયા, દીનેશ મોતા, પ્રદિપ મુનવર, શાન્તીલાલ ધરમશી, મયુર નાગડા, અનીલ મોતા, દેવેન્દ્ર મોમાયા, રતિલાલ ધ્રોળ, હેમંત જીવાણી, ચંદ્રકાન્ત મુનવર, લલીતભાઈ લોડાયા તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવી રાસની રમઝટ જમાવેલ.

ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ, માંગલિક શ્રવણ કરતાં જણાવ્યું હતું કે, શ્રાવક-શ્રાવિકાઓની જાગૃતિ માટે ચાતુર્માસ છે. 'વીરવાણી નહીં સૂની તો, કુછ નહી સુના' તેવું જણાવી કઈ ગતિમાં ભટકશું? આખરે દેવગતિ તો માનવભવમાંથી મળે છે. ત્યારે ચાતુર્માસની ધર્મરાધનામાં જોડાઈ જવા સમજ આપી હતી.

ધર્મબિંદુ સૂત્ર વહોરાવવાના ચડાવાનો લાભ પ્રભાબેન ભોગીલાલ રાંભીયા-રામાણીયા પરિવારે જ્યારે ઋષિદતા ચરિત્ર વહોરાવવાના ચડાવાનો લાભ માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી અજાણી પરિવારે લીધેલ.





પ્રવીણ ટી. લોડાયા, તોરલબેન શાહનંદ, હેમંતભાઈ અજાણી, દિનેશ અજાણી, રાજુભાઈ ગાલા, નેમજીભાઈ ગાલાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. સવારની નવકારશીનો લાભ માતુશ્રી પ્રેમાબાઈ લાલજી અજાણીએ જ્યારે બપોરના સ્વામિવાત્સલ્યનો લાભ માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી અજાણી પરિવારે લીધેલ.

ફરાદીના કલ્યાણજીભાઈ સાવલા, કાન્તીભાઈ દેઢીયા, રાજેન્દ્ર દેઢીયા, વસંતભાઈ દેઢીયા તથા નીતીનભાઈ નાગડા તથા નાના આસંબિયા, કાંડાગરા અને કોઠારા તથા આજુબાજુના ગામોના જૈન સંઘોના શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

૨૬ માસક્ષમણ કરનાર નાના આસંબિયાના લક્ષ્મીચંદભાઈ ડુંગરશી છેડાની ખાસ અનુમોદના કરવામાં આવેલ. એક્સો રૂપિયોનું સંઘ પૂજન કરવામાં આવેલ. ચુલા દીઠ લાણી ચાંદીનો સિક્કો માતુશ્રી ભાણબાઈ હંસરાજ દેઢીયા, માતુશ્રી લક્ષ્મીબેન ધનજી દેઢીયા, શ્રીમતી શિલ્પાબેન કાંતીલાલ દેઢીયા, ફરાદીવાલા તરફથી ટોવેલ, સંઘમાતા પ્રભાબેન ભોગીલાલ રાંભીયા, હસ્તે શિલ્પા, કૌશીક, સેજલ રામાણીયાવાલા, ૧ કિલો ગોળ, માતુશ્રી મણીબેન કલ્યાણજી ગાલા-નાના આસંબિયા ૧ કિલો સાકર, ફરાદી જૈન મહાજન ૧ કિલો સાકર, માતુશ્રી સુશીલાબેન શીવજી છેડા-કાંડાગરાવાલા, મ.સા.ના સંસારી માતુશ્રી તરફથી કરવામાં આવેલ. દાતા શ્રી પરિવારોએ ચાતુર્માસ ફંડમાં પણ અનુદાન આપેલ.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે, જ્યારે આભાર દર્શન દિનેશ અજાણીએ કરેલ. વ્યવસ્થામાં કાંતીલાલ લાલકા, મહેશ શીયાલ, ધનપતિ લોડાયા, દિનેશ મોતા તથા કોઠારા જૈન સંઘના સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ સહકાર આપ્યો હતો.

# ભાંડુપ જૈન સંઘમાં પ.પૂ.મ.સા. નો વાજતે ગાજતે ચાતુર્માસ પ્રવેશ





કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપમાં પ.પૂ.સાધ્વીશ્રી વીરાગુણાશ્રીજી મ.સા. આદિઠાણા-૪ના ચાતુર્માસ પ્રવેશ વાજતે ગાજતે તા. ૧૦ જુલાઈ ૨૦૧૯ બુધવાર સવારે ૭.૧૫ કલાકે થયો. સકળ સંઘના સૌ શ્રાવક-શ્રાવિકાઓ આનંદ ઉમંગથી સામૈયામાં જોડાઈ પ.પૂ.મ.સા.ને હરખથી આવકાર્યા હતા. મંગળ પ્રવેશ બાદ વ્યાખ્યાન શ્રવણ થયું સવારે ૮.૪૫ કલાકે નવકારશીનો સૌ લાભ લીધો હતો.









## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભુજમાં અચલગચ્છ જૈન સંઘના આંગણે ચાતુર્માસ પ્રવેશ



ભુજ તા.૧૨-૭ પ.પૂ.સા.શ્રી કિર્તીલતાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી સૌમમ્યલતાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨નું ભુજ નગરે ચાતુર્માસ પ્રવેશ થતાં શ્રી અચલગચ્છ જૈન સંઘ ભુજ દ્વારા ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ.

સામૈયામાં સંઘ અધ્યક્ષ મહેન્દ્રભાઈ ડી. શાહ, ભરતભાઈ ઘીવાલા, પી.સી.શાહ, રમેશભાઈ શાહ, જખુભાઈ વોરા, હર્ષદભાઈ શાહ, ચંદ્રેશ શાહ, રમેશભાઈ વોરા, દિપક લાલન, પ્રબોધ મુનવર, કિરણ નાગડા તથા સંઘના શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. જિનાલયે દર્શન-ચૈત્યવંદન બાદ ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ માંગલિક શ્રવણ કરાવ્યું હતું.

પૂજ્ય સાધ્વી શ્રી ભગવંતોએ જણાવ્યું હતું કે, દેવ-ગુરૂની આજ્ઞા મુજબ અમારે જીવન જીવવાનું હોય છે. ચાતુર્માસ પ્રવેશ થાય છે પણ મહામંગળ જીવનમાં પ્રવેશ ક્યારે થશે? આત્માને જગાડી આત્માની અંદર પ્રવેશ કરાવો. ૪ ગતિનો અંત કરવા માટે આ ચાતુર્માસ છે. આરાધના કરી જીવનને આગળ ધપાવો. કર્મોનો ખાત્મો બોલાવજો. પ્રભુ ઉપર શ્રદ્ધા રાખી આરાધના-સાધના-તપ-સામાયિક-જજાપ-પૌષધમાં જોડાઈ જજો અને જીવનને ધન્ય બનાવજો. દાતાશ્રીઓ દ્વારા સંઘ પુજન કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન પી.સી.શાહે કર્યું હતું.




શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર (ગામ - સાયરા)

# ખામગાંવ નગરે પ.પૂ.સાધ્વી ભગવંત મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ

પ.પૂ.સાધ્વીજી ભગવંત સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો ખામગામ નગર ખાતે ચાતુર્માસ પ્રસંગ મંગલ પ્રવેશ થયો. સકલ સંઘના બહુસંખ્ય શ્રાવક શ્રાવિકો સામૈયા કરી સંઘમાં તેમના આગમનને વધાવ્યા હતા. આગામી ચાતુર્માસના મંગલકારી દિવસો ધર્મ, ધ્યાનના લાભ પુણ્ય પામી સૌ ધન્ય થશે તેનો હરખ સૌને હૈયે ઉછળતો હતો.












જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મૅટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

અથવા વૉટસએૅપ પર મોકલો

9322257731

Since 1989

Mr. Chetankumar Momaya
Proprietor
Jakhau - Ghatkopar

OLYMPIA
TRAVELS 'N' TOURS

" The One Stop Travel Shop, Right Where You Need It "

Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism

M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance

Weekend Destination

Shop No.5 | Megh Ratan | Derasar Lane | Ghatkopar East | Mumbai – 400 077 | Maharashtra | India

+91-22-2501 3810/11/12

olympia_tours@hotmail.com; info@olympiatourism.in;

+91-93240 58413

www.olympiatourism.in

IATA Accredited Agent

# નલિયા તીર્થ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશ





કચ્છ અબડાસાની મોટી પંચતીર્થીમાં મુખ્ય અને ઐતિહાસિક નલિયા તીર્થના નલિયા જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી ભગવંત આગમ કિરણા શ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશનો સામૈયો ભવ્યતાથી અને વાજતે ગાજતે કરાયું. સકળ સંઘના શ્રાવક શ્રાવિકો ઉમંગભેર સામૈયામાં સામેલ થઈ મ.સા.ના જૈન સંઘમાં આગમને પ્રવેશને વધાવ્યા હતા. ચોમાસાના આગામી ચાર માસ સંઘમાં ધર્મ, ભક્તિ અને તપથી દિવ્યતા ભર્યા રહેશે એનો હરખ સૌને હૈયે હતો.







# વર્ધમાન નગરે ભવ્યાતિ ભવ્ય ચાતુર્માસ પ્રવેશ



પ.પૂ.સા.શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા., આદિઠાણા-૨ વર્ધમાનનગરે ચાતુર્માસ પ્રવેશ કરતાં શ્રી વર્ધમાનનગર જૈન સંઘ દ્વારા ઢોલ-શરણાઈ, શણગારેલા બેડા, ઠેર-ઠેર, ગહુંલીઓ સાથે ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ. વર્ધમાનનગરનાં ભુજોડી ગેટ નજીકથી સ્વાગત યાત્રા પ્રારંભ થઈ હતી. જિનાલયે દર્શન-ચૈત્યવંદન બાદ પૂજ્યશ્રીઓએ ઉપાશ્રયે પ્રવેશ કરી માંગલિક શ્રવણ કરાવ્યું હતું. આ પ્રસંગે આઠ કોટી સ્થા. જૈન સંઘના પૂ.સુનિતાબાઈ મ.સ. પણ ઉપસ્થિત રહ્યાં હતા.

શોભાયાત્રામાં ભુજ અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ દામજી શાહ, ભરતભાઈ ઘીવાલા, પી.સી.શાહ, ચિંતલ વોરા, દિપક લાલન, કીરીટ શાહ, અરવિંદ શાહ, હીરાચંદ છેડા, ગૌતમ શાહ, દિલીપ મોતા, હરીશ લોડાયા, આશિષ શાહ, પારસ શાહ, જેયુર શાહ, અંકિત શાહ, ચિરાગ શાહ તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીઓએ માંગલિક શ્રવણ કરાવતાં ચાતુર્માસનો મહત્વ સમજાવ્યું હતું. નવકારશી દાતા માતુશ્રી લીલાવંતીબેન અમૃતલાલ શાહ તથા માતુશ્રી ઈન્દુમતીબેન માણેકલાલ શાહ પરિવારોનું શ્રી સંઘ દ્વારા બહુમાન કરવામાં આવેલ. પ્રવેશ પ્રસંગે આંયબીલ શ્રી મહેન્દ્ર હીરાલાલ શાહ માંડવીલાલ તરફથી કરાવાવામાં આવેલ. સૂત્ર ઉતરાધ્યયન વહોરાવવાનાં ચડાવાનો લાભ ચિંતનભાઈ અરવિંદ વોરા પરિવારે જ્યારે ચરિત્ર મહાબલ મલય સુંદરી વહોરાવવાનાં ચડાવવાનો લાભ હરીશભાઈ શીવજી લોડાયા પરિવારે લીધેલ.

કાર્યક્રમનં સંચાલન શ્રી પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન દિપક લાલને કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા જિનાલય સમિતિ, ચાતુર્માસ સમિતિ તથા સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.




# નાના રતડિયા ગામે તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ મ.સા.નું ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ

નાના રતડિયા નગરે તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંત ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબનો ભવ્યાતિભવ્ય પણે ચાતુર્માસ પ્રવેશ થયો. બેલ નગારા શરણાઈના નાદે સામૈયું થયું. ઊંટ, ઘોડા, હાથી અસવાર સાથે શોભાયાત્રા નીકળી. ઉત્સાહ ઉમંગના માહોલથી નાનકડું ગામ ધર્મનગરીમાં જાણે ફેરવાઈ ગયું. સૌ હરખથી છલોછલ થઈ ગયા હતા. ચોમાસાના ચાર માસ આ નગરીમાં ધર્મ-પુણ્યથી સભર હશે. સૌ ગામવાસીઓ અને સકળ સંઘ અચલગચ્છાધિપતિના પાવન પગલાથી કૃતાર્થ થઈ ગયો એવો માહોલ સર્જાયો. નાના રતડિયા કવિઓ જૈન મહાજન સૌને ભાવપૂર્વક આવકાર્યા હતા.












| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● આદિપુરના રામકૃષ્ણ સેવા કેન્દ્ર ખાતે નિઃશુલ્ક આંખ અને દાંતના રોગના નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આદિપુર ઉપરાંત સુંદરપુરી, તુણા, સંઘડ, માથક, અંતરજાળ સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોએ કેમ્પનો લાભ લીધો હતો. ૨૩૦ થી દર્દીઓની તપાસણી કરાઈ સારવાર આપવામાં આવી હતી. ૪૬ જેટલા દર્દીઓને ઓપરેશન માટે રીફર કરવામાં આવ્યા હતા. જે દર્દીઓને હોસ્પિટલ ખાતે તપાસની જરૂર હતી. તેઓને આઈ હોસ્પિટલ લઈ જવા માટે વાહનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

● વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત ગાંધીધામ અગ્રવાલ સમાજ દ્વારા ગાંધીધામ રેલ્વે સ્ટેશન પરિસર ખાતે આવેલા ગાર્ડનમાં લીમડો, ગુલમહોર તેમજ અલગ અલગ ફૂલ છોડ સહિત ૪૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ વૃક્ષોના ઉછેર થકી રેલ્વે સ્ટેશન વધુ રમણીય દેખાશે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

● ભુજની મહારાવ વિજય રાજજી લાયબ્રેરીના સાર્ધ શતાબ્દી અને મનસુખલાલ સોમપુરા ફાઉન્ડેશન દ્વારા છ દિવસીય અંતરંગ આર્ટ વર્કશોપ કમ આર્ટ એક્ઝિબિશન યોજાયો. જેમાં ૫૦ થી વધુ તાલીમાર્થી જોડાયા. આ વર્કશોપમાં પેઈન્ટિંગ, પ્રિન્ટ મેકિંગ, સ્કલ્પચર થિયેટર જેવા જુદા જુદા આર્ટ શીખવડવામાં આવ્યા હતા. સમાપન કાર્યક્રમમાં તાલીમાર્થીઓ દ્વારા બનાવાયેલી કૃતિઓનું પ્રદર્શન પણ યોજાયું હતું.

● વિશ્વ બાઈસિકલ દિવસ નિમિત્તે ભુજમાં ૨૫ થી વધુ વિવિધ ક્ષેત્ર અને વય જૂથના સાઈકલ પ્રેમીઓએ ૧૫ કિ.મી.ની સાઈકલિંગ કરીને લોકોને સાઈકલ ચલવવા પ્રેરણા આપી હતી. લોકોમાં સાઈકલ વપરાશ માટે જાગૃતિ આવો સ્વાસ્થ્ય સાફ રહે અને પર્યાવરણ જાળવી સાથે કસરતનો લાભ મળે એવો સંદેશ આપ્યો હતો. આ સાઈકલ રેલીનું આયોજન વ્હાઈટ ઈગલ ગ્રુપના શૈલેન્દ્ર રાવલ દ્વારા થયું હતું.

● ભુજના પ્રભાસ સેવા ટ્રસ્ટ દ્વારા કાયમી ધોરણે આયુર્વેદિક ઔષધાલય શરૂ કરાયું છે. અઠવાડિયામાં ત્રણ દિવસ સોમ, બુધ અને શુક્રના નિઃશુલ્ક તપાસી નિદાન મુજબ ફ્રી દવાઓ આપશે. ઉદ્ઘાટનના દિવસે ૯૦ જણાએ લાભ લીધો હતો. વર્ષ ૨૦૦૩થી ૧૪૦ પરિવારોને દર પખવાડિયે રાશન કીટની વિતરણ કરવામાં આવે છે.

● મંદબુદ્ધિ દીકરીઓની તાલીમશાળા માનસીની પ્રવૃત્તિઓ દર્શાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મને અમેરિકાના લોસ એન્જલ્સમાં શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મળ્યો છે. કચ્છ વડાલાના સુનીલ વિસરાણીએ આ ફિલ્મનું દિગ્દર્શન કર્યુ છે.

● દેશમાં પ્રથમવાર યોજાયેલી એન્ડ યુરોમાં બાઈક રેસમાં  નિકુંજ શૈલેશ ગામ (વય ૩૦) પ્રથમ વિજેતા થયા હતા. આ રેસ પૂના પાવન લેક નજીક વિસાપુરમાં યોજાઈ હતી. આ રેસ અમેરિકા અને લંડનમાં યોજાય છે. કુલ ૭૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. રેસમાં કુલ ૧૨ જેટલા હર્ડલ્સ (અવરોધ) હતા.

● આદિપુર જાયન્ટસ ગ્રુપ અને યંગ જાયન્ટસ ગ્રુપ દ્વારા નિઃશુલ્ક ત્રિદિવસીય નૃત્ય વર્કશોપનુ આયોજન કરાયું. જેમાં ૧૪૫ થી વધુ લોકોએ જોડાઈ નૃત્ય કલા શીખી હતી. સોલોગ્રુપના ડાયરેક્ટર અને કોરિયોગ્રાફર સેન્ડી બિરલા તથા કોઓર્ડિનેટર પૃથ્વી સોનીએ રૂચી ધરાવતા ૧૪૫ જણને જુદા જુદા પ્રકારના ગીતો ઉપર નૃત્ય શીખવાડ્યું હતું.

● નટરાજ ડાન્સ એકેડેમી માધાપરની છાત્રોએ શિમલા ખાતે યોજાયેલ ૬૪મી ઓલઈન્ડિયા આર્ટિસ્ટ એસોસિયેશનની ૨૦૧૯ ડાન્સ કોમ્પિટિશનમાં કુલ ૨૨ રાષ્ટ્રીય પુરસ્કાર મેળવ્યા. જેમાં ૧૦ પ્રથમ, ૩ દ્વિતિય, ૨ કૃતિને તૃતીય અને ૭ કૃતિને કોન્સ્યુલેશન એવોર્ડ મળ્યા. સંચાલિકા રાધિકા જય સુખભાઈ ટાંક ૨૨ વર્ષની નાની વયે સિદ્ધિ મેળવી એ બદલ ઓલ ઈન્ડિયા આર્ટિસ્ટ એસોશિયેસ્ટ-એઆઈએએ દ્વારા પ્રથમ વાર શરૂ થયેલ હેતચંદ સંતાની એવોર્ડ એનાયત કરાયો. આ એવોર્ડ ભારતભરમાંથી એક વિશિષ્ટ પસંદગી પાત્રને અપાય છે.

# નરેડી ગામે આ.ભ.કલાપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ



નરેડી ગામે પ.પૂ.આ.ભ.કલાપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ અનેરા ઉત્સાહના માહોલ સાથે થયો. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓના અનેરા સાથ અને મોંઘેરા ભાવથી ભવ્ય રીતે સામૈયું કરાયું. ગુરૂવર્યના પગલે પુણ્યવંત થયેલ નાનકડી નરેડી નગરી સંયમ સુવર્ણ ચાતુર્માસોત્સવ સાથે રંગાઈ ગઈ જેનો ભાવિ વિહોરતાથી ચર્તુવિધ સકળ સંઘના ભાવિકો તરબોળ થઈ ગયા.

શ્રી કચ્છ નરેડી વિશા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન તથા લાભાર્થી માતુશ્રી કુંવરબાઈ ખીમજી ભાણજી નાગડા પરિવારના ઉત્સાહભેર આવકાર પામી ધન્યતા અનુભવી હતી.




# નરેડી ગામે આ.ભ.કલાપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ












ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

**Bipin Nagda**
**Insurance & Financial Services**

An ISO 9001:2015 Certified Co.

**India's Leading Agent**

682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
**Mob. : 9323525000**
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com



**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**

મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.

**CERTIFICATE COURSE**
All Types of Mehendi &
Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



**BATCH IS STARTING FROM 2ND JAN2019**
For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

**OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.**

Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station.
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

# જીવન ઘટમાળ

**• જન્મ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૦૫-૨૦૧૯ | ભાંડુપ | શિવાંશ, હેતલ ચિરાગ કિશોર ગોસર | બારોઈ | પુત્ર |

**• જ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૭-૨૦૧૯ | મુલુંડ | કારણ જવેરચંદ નેણશી ધરમશી | કોઠારા | ૨૮ |
| | મુલુંડ | ઉન્નતી વિમલ ગોવિંદજી ખોના | કોઠારા | ૨૬ |
| ૦૪-૦૭-૨૦૧૯ | ડોંબિવલી | હાર્દિક અનિલ કુંવરજી ધુલ્લા | દલતુંગી | ૨૫ |
| | ડોંબિવલી | હેમાંશી કિરીટ ધનજી દંડ | સેવક ભરૂડિયા | ૨૬ |
| ૦૪-૦૭-૨૦૧૯ | મુલુંડ | પારસ પંકજ દામજી ગોસર | ગોએરસમા | ૩૨ |
| | હૈદરાબાદ | પ્રિયંકા શિવપ્રસાદ માણેકજી લોડાયા | વારાપધર | ૨૮ |
| ૦૪-૦૭-૨૦૧૯ | ડોંબિવલી | સુનીલ ભાઈચંદ લખમશી ખોના | ગોરખડી | ૩૨ |
| | ડોંબિવલી | હેતલ હસમુખ કેશવજી ડાઘા | દલતુંગી | ૩૦ |
| ૧૦-૦૭-૨૦૧૯ | દંતાણી | દિપક ભરત આસારીયા દંડ | લાલા | ૨૫ |
| | ભાંડુપ | ગ્રિષ્મા જગદીપ પદમશી લોડાયા | તેરા | ૨૫ |

**• આંતરજ્ઞાતિ સગપણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૬-૨૦૧૯ | વડાલા | ભાવિક ગિરીશ કાનજી દંડ | લાખણીયા | ૩૧ |
| | ચેમ્બુર | ધ્વનિ અરૂણ શામજી છેડા | દેઢિયા | ૩૦ |
| ૦૪-૦૭-૨૦૧૯ | ઘાટકોપર | ધવલ અશ્વિન લક્ષ્મીચંદ ધુલ્લા | ભરૂડિયા | - |
| | થાણે | ખુશ્બૂ અરવિંદ મીઠુભાઈ ગોરી | મોટી ભાડઈ | - |
| ૦૪-૦૭-૨૦૧૯ | જામનગર | સંકેત હિરેન હિમતલાલ શિયાલ | દલતુંગી | ૨૪ |
| | જામનગર | વિધિ યોગેશકુમાર વાડીલાલ મહેતા | બાલંભા | ૨૩ |
| ૦૪-૦૭-૨૦૧૯ | ચેમ્બુર | મિહિર ચંદ્રેશ પોપટલાલ ધરમશી | ગોરખડી | ૩૦ |
| | ઓમાન | રૂપા કિશોર ધીરજલાલ મણીયાર | કોટકોલા | ૩૦ |
| ૦૪-૦૭-૨૦૧૯ | ડોંબિવલી | ભાવિક જિતેન્દ્ર હંસરાજ લોડાયા | વરાડિયા | ૨૬ |
| | કલવા | સાયલી યજ્ઞેશ્વર વસંત પાટીલ | તારાપુર | ૨૫ |
| ૦૪-૦૭-૨૦૧૯ | ઘાટકોપર | ધવલ અશ્વીન લક્ષ્મીચંદ ધુલ્લા | ભરૂડીયા | - |
| | થાણે | ખુશ્બુ અરવિંદ મીઠુભાઈ ગોરી | ભાડઈ મોટી | - |
| ૦૯-૦૭-૨૦૧૯ | મુલુંડ | હાર્દિક રાજેશ છગનલાલ લોડાયા | ગોએરસમા | ૨૮ |
| | માટુંગા | નિરાલી બિપિન કલ્યાજી ફુરિયા | તલવાણા | ૨૮ |

**• સગપણ છૂટા •**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૫-૨૦૧૯ | મસ્જિદ બંદર | મોહિત જયેશ તિલક પટેલ (મોતા) | તેરા | ૨૮ |
| | વાશી | શ્વેતા સુનીલ પ્રેમચંદ ધરમશી (ભગત) | જખૌ | ૨૬ |

**• લગ્ન છુટા •**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૧૨-૨૦૧૮ | બાંદરા | જતીન માવજી સાવલા | ભુજપુર | ૩૦ |
| | ડોંબિવલી | હેતલ હસમુખ કેશવજી ડાઘા | દલતુંગી | ૨૯ |

**• મરણ •**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૭-૨૦૧૯ | ખંડવા | વિમલા પ્રફુલકુમાર નાગડા | નલિયા | ૭૯ |
| ૧૦-૦૭-૨૦૧૯ | સાંગલી | રાજબાઈ નરશી છેડા | સુથરી | ૯૦ |




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO